# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SANGHAVI BANASKANTHA

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે બનાસકાંઠા જિલ્લાની કરોડોના વિકાસ કાર્યોની ભેટ આપી. નાયબ મુખ્યમંત્રીએ પોતાના પ્રવાસની શરૂઆત કાકર ગામેથી કરી હતી, જ્યાં તેમણે સમોર માતાજીના મંદિરે દર્શન કર્યાં હતા. ત્યારબાદ તેઓ ઐતિહાસિક તીર્થધામ ભીલડી ખાતે પહોંચ્યા હતા, જ્યાં તેમણે ભીલડીયાજી પાર્શ્વનાથ ભગવાનના દર્શન અને વિધિવત પૂજન-અર્ચન કર્યાં હતા.

ભીલડીયાજી જૈન તીર્થ ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી અને રાજ્ય સરકાર મંત્રી પ્રવિણ માળીના હસ્તે 11 કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે તેમણે જણાવ્યું, યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ગુજરાત સહિત દેશભરના મંદિરોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . . . . .

# VAGHANI MORBI

પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ મોરબીના વાંકાનેર ખાતે ત્રિદિવસીય 'કામા અશ્વ શો'નો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી વાઘાણીએ જણાવ્યું,

"સરકાર અશ્વના સંવર્ધન અને જતન માટે નવું બ્રીડિંગ સેન્ટર બનાવશે; અશ્વોની સંખ્યામાં વધારવા લક્ષ્ય નિર્ધારિત કરી મિશન મોડ પર કામગીરી કરાશે.

ઉલ્લેખનીય છે કે તત્કાલીન દેશના પર્યાવરણ મંત્રી અને વાંકાનેરના રાજવી દિગ્વિજયસિંહ ઝાલાએ અશ્વ શોની શરૂઆત કરાવી હતી"

. . . . . . . . . . . . .

# KUTCH EARTHQUAKE

આજે વહેલી સવારે ભૂકંપના સતત આઠ કંપનોથી કચ્છના વાગડની ધરા ધ્રુજી ઉઠી. પરોઢિયે સાડા ચાર  કલાકે 4.6 ની તીવ્રતા સાથે વાગડ વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો. જેને પગલે નિંદ્રાદિન લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી 22 કિલોમીટર દૂર પશ્ચિમ ઉત્તર દિશામાં નોંધાયું. આ જ દિશામાં ઉપરાછાપરી ભૂકંપના આઠ આંચકા નોંધાયા.

(વોઇસ કાસ્ટ : રામજી મેરિયા)

. . . . . . . . . . . . .

# AAROHAN AVROHAN SPARDHA -RAJKOT

રાજયકક્ષાની છઠ્ઠી ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા આગામી ૨ જાન્યુઆરી ૨૦૨૬નાં રોજ યોજાશે. રાજકોટ જીલ્લામાં આવેલ ઓસમ પર્વત, પાટણવાવ, ધોરાજી ખાતે યોજાનાર આ સ્પર્ધા 14 થી 18 વર્ષના ભાઈઓ તથા બહેનો માટે બે વિભાગમાં યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક સ્પર્ધકોએ 1લી જાન્યુઆરી ૨૦૨૬નાં રોજ બપોરના 3 થી 5 વાગ્યા સુધી જૈન ધર્મશાળા,પાટણવાવ,તા.ધોરાજી ખાતે પોતાનું રિપોર્ટીંગ કરાવવાનું રહેશે.

. . . . . . . . . . . . .

# ARVALLI SAKHI MANDAL

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના શિવરાજપુરા કંપામાં આવેલા સખી મંડળે મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જય સરસ્વતી સખી મંડળની અર્પિતા બેન પટેલ જણાવે છે કે આ સખી મંડળમાં દસ બહેનો જોડાયેલી છે તેઓ અનેક પ્રકારના અથાણાં બનાવીને વર્ષે લાખો રૂપિયાની આવક મેળવે છે.

(બાઇટ : અર્પિતાબેન)

. . . . . . . . . . . . .

# KHETIVAADI BAJAAR -MAHESAANA

મહેસાણા ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિમાં એરંડા અને ગવારની સારી આવક થઈ રહી છે. એરંડા ની 185 બોરી ની આવક નોંધાઇ જેનો ભાવ રૂપિયા 1,311 નો રહ્યો. અડદની 20 બોરી ની આવક થઈ જેનો ભાવ 1,366 રૂપિયાનો રહ્યો. ગવારની 1,100ના ભાવ સાથે 141 બોરીની આવક નોંધાઈ. જિલ્લામાં રાયડા ના પાક નું વાવેતર 2400 હેકટર જમીનમાં થયુ છે. અડદના પોષણક્ષમ ભાવ મળતા ખેડૂતો માં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

. . . . . . . . . . . . .

# Veer Bal Divas - District

વીર બાલ દિવસના અવસરે રાજયમાં વિવિધ સ્થળોએ ઉજવણી કરવામાં આવી.

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ દ્વારા નાની દમણ સ્થિત પ્રદેશ કાર્યાલયમાં એક કાર્યક્રમ યોજાયો જેમાં ગુરુ ગોબિંદ સિંહજી મહારાજના વીર સાહિબઝાદાઓના અલ્પ આયુષ્યમાં આપેલા અદ્વિતીય બલિદાનને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

તો બીજી તરફ ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને સરકારી વિજ્ઞાન કોલેજ આહવાના સંયુક્ત ઉપક્રમે "વીર બાલ દિવસ" ની ઉજવણી કરવામાં આવી.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR 108

ગાંધીનગર સચિવાલય ખાતે સગર્ભા મહિલાની એમ્બ્યુલન્સમાં જ જોડિયા બાળકોની સફળ પ્રસૂતિ કરાઇ છે. ગાંધીનગર સચિવાલય સેક્ટર-૧૦ વિસ્તારમાં આજે વહેલી સવારે માનવતા અને ફરજપરાયણતાનું ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે.

આજે સવારે અંદાજે 04:10 કલાકે એક ૨૦ વર્ષીય સગર્ભા મહિલાને અચાનક ભારે પ્રસવ પીડા શરૂ થતા ૧૦૮ ઈમરજન્સી સેવાને કોલ કરવામાં આવ્યો હતો. કોલ મળતાની સાથે ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી બલેશ પરમાર અને પાઈલોટ ભરતપુરી બાવા તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. સગર્ભા મહિલાને હોસ્પિટલ ખસેડતી વેળાએ એમ્બ્યુલન્સમાં જ દુખાવો અતિશય વધી જતાં તાત્કાલિક પરિસ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજી ડો. તુષારના ટેલિફોનિક માર્ગદર્શન હેઠળ ઈએમટી બલેશ પરમારે પોતાની કુશળતા અને ધૈર્યથી એમ્બ્યુલન્સમાં જ નોર્મલ ડિલિવરી કરાવી.

. . . . . . . . . . . . .